©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]  THURSDAY, AUGUST 20, 2026 / SRAVANA 29, 1948  [ No. 34**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુલાઈ, ૨૦૨૬

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તારીખઃ ૧૬મી ઓગસ્ટ, ૨૦૨૫-ના જાહેરનામા ક્રમાંક: જીએચકેએચ/૧૫૩/એસીડી/જીએફએ/ઇ-ફાઇલ/૨/૨૦૨૫/૨૦૩૬/ટી. અને તારીખ: ૩જી નવેમ્બર, ૨૦૨૫-ના (૧) શુદ્ધિપત્ર જાહેરનામા ક્રમાંક: જીએચકેએચ/૧૭૩/૨૦૨૫/એસીડી/જીએફએ/ઇ-ફાઇલ/૨/૨૦૨૫/૨૦૩૬/ટી. અને (૨) જાહેરનામા ક્રમાંક: જીએચકેએચ/૧૭૪/એસીડી/જીએફએ/ઇ-ફાઇલ/૨/૨૦૨૫/૨૦૩૬/ટી -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**NOTIFICATION**

***Under***

**Gujarat Fisheries Act, 2003**

**ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩ હેઠળ**

**જાહેરનામું**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ઓગસ્ટ, ૨૦૨૫

**ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩**

**ક્રમાંક: જીએચકેએચ/૧૫૩/એસીડી/જીએફએ/ઇ-ફાઇલ/૨/૨૦૨૫/૨૦૩૬/ટી:-** ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૩ ગુજરાતના ૮મા)ની કલમ ૨-ના ખંડ (ધ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૨-ના ખંડ (પ)માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેના પ્રાદેશિક જળક્ષેત્રને, ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૩ ગુજરાતના ૮મા)ના હેતુ માટે નિર્દિષ્ટ વિસ્તાર તરીકે નિર્દિષ્ટ કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**રાજેશ જોષી,**

સરકારના નાયબ સચિવ.

----------

**CORRIGENDUM**

***to***

**the Government Notification, Agriculture, Farmers Welfare and Co-operation Department, No. GHKH/153/ACD/GFA/e-file/2/2025/2036/T, dated the 16th August, 2025.**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તારીખ: ૧૬મી ઓગસ્ટ, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૧૫૩/એસીડી/જીએફએ/ઇ-ફાઇલ/૨/૨૦૨૫/૨૦૩૬/ટી.નું**

**શુદ્ધિપત્ર**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૩જી, નવેમ્બર, ૨૦૨૫

**ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩.**

**ક્રમાંક: જીએચકેએચ/૧૭૩/૨૦૨૫/એસીડી/જીએફએ/ઇ-ફાઇલ/૨/૨૦૨૫/૨૦૩૬/ટી:** આ વિભાગના, સન ૨૦૨૫-ના સપ્ટેમ્બર મહિનાની ૨૫-મી તારીખે ગુજરાતી સરકારી રાજપત્ર (વોલ્યુમ ૬૬, ભાગ-૪-બી, સાધારણ ઇસ્યુ નં. ૩૯)માં પ્રસિદ્ધ થયેલ, તારીખ: ૧૬મી ઓગસ્ટ, ૨૦૨૫-નું જાહેરનામું ક્રમાંક: જીએચકેએચ/૧૫૩/એસીડી/જીએફએ/ઇ-ફાઇલ/૨/૨૦૨૫/૨૦૩૬/ટી.માં, તેની પ્રસિદ્ધ થયેલ જાહેરનામાની તારીખ બાબતે ભૂલ ધરાવે છે.

આથી, ઉપર્યુક્ત રાજપત્રમાં નીચે પ્રમાણેનો સુધારો વાંચવો:

| મૂળ જાહેરનામાની તારીખને બદલે | આ પ્રમાણે વાંચવું |
|---|---|
| તારીખ: ૧૬મી ઓગસ્ટ, ૨૦૨૫ | તારીખ: ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**વિજય ચોટલીયા,**

સરકારના ઉપસચિવ.

----------

**NOTIFICATION**

***Under***

**Gujarat Fisheries Act, 2003**

**ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩ હેઠળ**

**જાહેરનામું**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૩જી, નવેમ્બર, ૨૦૨૫

**ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩**

**ક્રમાંક: જીએચકેએચ/૧૭૪/એસીડી/જીએફએ/ઇ-ફાઇલ/૨/૨૦૨૫/૨૦૩૬/ટી:-** રાજ્ય સરકારના ધ્યાનમાં આવ્યું છે કે વિવિધ પ્રજાતિઓની અપરિપક્વ (Juvenile) માછલીઓ પરિપક્વતા પ્રાપ્ત કરે તે પહેલાં પકડવામાં આવે છે અને આ બાબત માછલીઓની વસ્તીને ગંભીર રીતે અસર કરે છે.

અને અપરિપક્વ (Juvenile) માછલીનું સંરક્ષણ કરવું અને માછીમારીમાં રોકાયેલા વિવિધ વર્ગના લોકો ખાસ કરીને તરાપો (Catamaran), દેશી હોડી અથવા નાવડી જેવા પરંપરાગત માછીમારીના જહાજ (વહાણ)નો ઉપયોગ કરીને માછીમારીમાં રોકાયેલા લોકોનું રક્ષણ કરવું ઇષ્ટ જણાય છે.

અને ગુજરાત સરકારે માછલીની અમુક પ્રજાતિ માટે ન્યૂનતમ કાનૂની કદ (Minimum Legal Size) (MLS) નક્કી કરી છે.

હવે, તેથી, ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૩ના ગુજરાતના ૮મા)ની કલમ ૭ની પેટા-કલમ (૧) અને પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નિર્દિષ્ટ વિસ્તાર (કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના, તારીખ : ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫-ના, સરકારી જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૧૫૩/એસીડી/જીએફએ/ઇ-ફાઇલ/૨/૨૦૨૫/૨૦૩૬/ટી.માં જણાવ્યા પ્રમાણેના નિર્દિષ્ટ વિસ્તાર) માં, આ સાથે જોડેલી અનુસૂચિ-૧-ના, કોલમ (૫)માં નિર્દિષ્ટ કરેલ ન્યૂનતમ કાનૂની કદ (Minimum Legal Size) સામે અનુક્રમે તેની કોલમ (૨), (૩) અને (૪) માં નિર્દિષ્ટ કરેલ પ્રજાતિના નામ, સામાન્ય નામ અને સ્થાનિક ભાષાનું નામ ધરાવતી અપરિપક્વ (juvenile) માછલી અને ઓછા કદની માછલી (Undersized) માછલી પકડવા પર દસ (૧૦) વર્ષ માટે નીચે મુજબ પ્રતિબંધ મૂકે છે:-

**અનુસૂચિ - ૧**

| **અનુ-ક્રમાંક** | **પ્રજાતિનું નામ** | **સામાન્ય નામ** | **સ્થાનિક નામ** | **એમએલએસ (MLS) (મિ.મી.) (ગ્રા.)** |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| **મેજર પેલેજિક રિસોર્સિઝ (Major Palagic resource)** | | | | |
| ૧ | Rastrelliger Kanagurta | ઇન્ડિયન માકેરેલ (Indian Mackrel) | મલબારી બાંગડા | ૧૪૦ TL |
| ૨ | Harpodon nehereus | બોમ્બેડક (Bombayduck) | બુમલા | ૧૮૫ TL |
| ૩ | Coilia dussumieri | ગોલ્ડન એન્કોવી (Golden anchovy) | મેંદલી | ૧૧૫ TL |
| ૪ | Euthynnus affinis | લિટલ ટુના (Little tuna) | ગેદરા | ૩૭૭ TL |
| ૫ | Megalaspis cordyla | હોર્સ માકેરેલ (Horse mackerel) | બાંગડા | ૨૬૧ TL |
| ૬ | Trichurus lepturus | રિબનફિશ (Ribbonfish) | બગા | ૪૪૮ TL |

| અનુ-ક્રમાંક | પ્રજાતિનું નામ | સામાન્ય નામ | સ્થાનિક નામ | એમએલએસ (MLS) (મિ.મી.) (ગ્રા.) |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૭ | Thunnus tonggol | લોંગટેઇલ ટુના (Longtail tuna) | શેરવા | ૪૮૦ TL |
| ૮ | Thunnus albacares | યેલ્લોફિન ટુના (Yellowfin tuna) | વીર ગેદરા | ૫૦૦ TL |
| ૯ | Katsuwonus pelamis | સ્કીપજેક ટુના (Skipjack tuna) | નાની ગેદરા | ૩૫૦ FL |
| ૧૦ | Coryphaena hippurus | કોમન ડોલ્ફિન ફિશ (Common Dolphin fish) | અપનસ/માલાર | ૫૪૫ TL |
| ૧૧ | Scomberomorus commerson | કિંગ સીર (King seer) | સુરમાઇ | ૫૦૦ FL |
| ૧૨ | Scomberomorus guttatus | સ્પોટેડ સીર (Spotted seer) | સુરમાઇ | ૩૭૦ FL |
| ૧૩ | Rachycentron canadum | કિંગ ફિશ (Kingfish) | સાકરા | ૬૧૦ FL |
| ૧૪ | Decapturus russelli | ઇન્ડિયન સ્કેડ (Indian scad) | પીરા બાંગડા | ૧૧૦ TL |
| **મેજર ડિમર્સલ રિસોર્સિઝ (Major Demersal resource)** | | | | |
| ૧૫ | Nemipterus japonicas | થ્રેડફિન બ્રીમ (યેલ્લો) (Threadfin bream) (yellow) | રાની ફિશ | ૧૨૫ TL |
| ૧૬ | Nemipterus randalli | થ્રેડફિન બ્રીમ (રેડ) (Threadfin bream) (red) | રાજા ફિશ | ૧૦૦ TL |
| ૧૭ | Lactarius lactarius | વ્હાઇટફિશ (Whitefish) | કાટલી | ૧૦૦ TL |
| ૧૮ | Saurida tumbil | ગ્રેટર લિઝાર્ડફિશ (Greater lizardfish) | ભુંગર | ૧૭૦ TL |
| ૧૯ | Saurida undosquamis | લિઝાર્ડફિશ (Lizardfish) | ભુંગર | ૧૦૦ TL |
| ૨૦ | Protonibea diacanthus | બ્લેક સ્પોટેડ ક્રોકર (Black spotted croaker) | ઘોલ | ૭૦૦ TL |
| ૨૧ | Otolithoides biauritus | બ્રોન્ઝ ક્રોકર (Bronze croaker) | કુથ | ૬૬૦ TL |
| ૨૨ | Otolithes cuvieri | લેસર ટાઇગર ટૂથ્ડ ક્રોકર (Lesser tiger toothed croaker) | ધોમા | ૧૬૦ TL |
| ૨૩ | Otolithes ruber | ટાઇગર ટૂથ્ડ ક્રોકર (Tiger toothed croaker) | ધોમા | ૧૭૦ TL |

| અનુ-ક્રમાંક | પ્રજાતિનું નામ | સામાન્ય નામ | સ્થાનિક નામ | એમએલએસ (MLS) (મિ.મી.) (ગ્રા.) |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૨૪ | Johnius glaucus | પેલ સ્પોટફિન ક્રોકર (Pale spotfin croaker) | ધોમા | ૧૪૮ TL |
| ૨૫ | Johnius dussumieri | સિન ક્રોકર (Sin croaker) | ધોમા | ૧૧૦ TL |
| ૨૬ | Pampus candidus | સિલ્વર પોમફ્રેટ (Silver pomfret) | વિંછુડો/પાપલેટ | ૧૩૩ TL |
| ૨૭ | Parastromateus niger | બ્લેક પોમફ્રેટ (Black pomfret) | હલવો | ૧૭૦ TL |
| ૨૮ | Epinephelus diacanthus | સ્પાઈની ચીક ગ્રુપર (Spiny cheek grouper) | વેખલી | ૧૮૦ TL |
| ૨૯ | Priacanthus hamrur | બુલ્સ આઈ (Bull’s eye) | ડોરાલી | ૧૪૦ TL |
| ૩૦ | Cynoglossus macrostomus | માલાબાર સોલ (Malabar sole) | જીભ | ૯૦ TL |
| ૩૧ | Plicofollis layardi | થીન સ્પાઈન સિ-કેટફિશ (Thin spine sea catfish) | ખાગી | ૨૯૧ TL |
| ૩૨ | Leptomelanosoma indicum | ઈન્ડિયન થ્રેડફિન (Indian threadfin) | દારા | ૫૩૦ TL |
| ૩૩ | Pomadasys argenteus | સિલ્વર ગ્રન્ટ (Silver grunt) | કરકરા | ૨૫૦ TL |
| ૩૪ | Congresox talabnoides | ઈન્ડિયન પાઈક કોન્ગર (Indian pike conger) | વામ | ૯૫૦ TL |
| ૩૫ | Scoliodon laticaudus | સ્પેડનોઝ શારક (Spadenose shark) | સાંઢો/મગરા | ૩૭૬ TL |
| ૩૬ | Himantura imbricata | સ્કેલી વ્હીપ રે (Scaly whip ray) | વરખોલ પટારી | ૧૪૦ DW |
| **મેજર ક્રસ્ટેશિયન રિસોર્સિઝ (Major Crustaccan resources)** | | | | |
| ૩૭ | Solenocera crassicornis | કોસ્ટલ મડ-પ્રોન (Coastal mud-prawn) | લાલ કોલ્મી | ૬૩ TL |
| ૩૮ | Parapeneopsis stylifera | કિડ્ડી પ્રોન (Kiddi prawn) | કોલ્મી | ૬૫ TL |
| ૩૯ | Metapenaeus affinis | ઝીંગા પ્રોન (Jinga prawn) | મિડિયમ ઝીંગા | ૧૨૦ TL |
| ૪૦ | Metapenaeus monoceros | સ્પેકલ્ડ પ્રોન (Speckled prawn) | કપસી ઝીંગા | ૧૦૫ TL |
| ૪૧ | Metapenaeus dobsoni | ફ્લાવર ટેઈલ પ્રોન (Flower tail prawn) | ફ્લાવર ઝીંગા | ૬૦ TL |

| અનુ-ક્રમાંક | પ્રજાતિનું નામ | સામાન્ય નામ | સ્થાનિક નામ | એમએલએસ (MLS) (મિ.મી.) (ગ્રા.) |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૪૨ | Penaeus semisulcatus | ગ્રીન ટાઇગર પ્રોન (Green tiger prawn) | પટ્ટા જમ્બો | ૧૨૦ TL |
| ૪૩ | Portunus sanguinolentus | સ્પોટેડ ક્રેબ (Spotted crab) | કરચલા | ૭૪ CW |
| ૪૪ | Portunus pelagicus | બ્લુ ક્રેબ (Blue crab) | કરચલા | ૯૦ CW |
| ૪૫ | Charybdis feriata | ક્રોસ ક્રેબ (Cross crab) | કરચલા | ૬૬ CW |
| ૪૬ | Panulirus polyphagus | મડ સ્પાઇની લોબસ્ટર (Mud spiny lobster) | ટીટણ | ૩૦૦ g |
| ૪૭ | Panulirus Homarus | સ્કેલોપ્ડ સ્પાઇની લોબ્સટર (Scalloped spiny lobster) | ટીટણ | ૨૦૦ g |
| **મેજર મોલસ્કન રિસોર્સિઝ (Major Molluscan resources)** | | | | |
| ૪૮ | Uroteuthis (photololigo) duvauceli | ઇન્ડિયન સ્ક્વિડ (Indian squid) | નરસીંગા | ૧૦૭ DML |
| ૪૯ | Uroteuthis (photololigo) singhalensis | લોન્ગ બેરલ સ્ક્વિડ (Long barrel squid) | નાની નરસીંગા | ૮૩ DML |
| ૫૦ | Sepia pharaonis | ફારુન કટલફિશ (Pharaoh cuttlefish) | દેડકા | ૧૧૦ DML |
| | | | | |
| **Abbreviations:** TL – Total Length; FL – Fork Length; CW – Carapace Width of Crabs; DML – Dorsal Mantle Length of Cephalopods; DW – Disc Width of Rays | | | | |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**વિજય ચોટલીયા,**

સરકારના ઉપસચિવ.

-----------

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી જુલાઈ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૧લી જુલાઈ, ૨૦૨૬ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીજી/૬૪/૨૦૨૬/એમકેએમ/૧૦૨૦૦૮/૪૨૬/ઈ.૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**Notification**

***Regarding***

**Amendment to the Inspector, Class III, Prohibition and Excise, Competitive Examination Rules, 2012**

**નિરિક્ષક, વર્ગ-૩, નશાબંધી અને આબકારી, સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૨ સુધારવા સંબંધી**

**જાહેરનામું**

**ગૃહ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧લી જુલાઈ, ૨૦૨૬

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક: જીજી/૬૪/૨૦૨૬/એમકેએમ/૧૦૨૦૦૮/૪૨૩/ઈ.૧:-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નિરિક્ષક, વર્ગ-૩, નશાબંધી અને આબકારી, સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૨ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો, નિરિક્ષક, વર્ગ-૩, નશાબંધી અને આબકારી, સ્પર્ધાત્મક પરીક્ષા (સુધારા) નિયમો, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. નિરિક્ષક, વર્ગ-૩, નશાબંધી અને આબકારી, સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૨ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨-માં, ખંડ (ચ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(ચ) "મુખ્ય પરીક્ષા" એટલે પરિશિષ્ટ ૧ના ભાગ ૩માં નિર્દિષ્ટ કર્યા મુજબની હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૩માં, પેટા-નિયમા (૩) કમી કરવો.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૬માં,-

(૧) પેટા-નિયમ (૧)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

(૧) પરીક્ષા, પરિશિષ્ટ ૧માં નિર્દિષ્ટ કર્યા મુજબ નીચે જણાવેલી રીતે ત્રણ ક્રમિક તબક્કામાં યોજવામાં આવશે,-

ભાગ ૧: શારીરિક કસોટીમાં પ્રવેશ માટે ઉમેદવારોની પસંદગી માટે પ્રારંભિક પરીક્ષા (તપાસ કસોટી-હેતુલક્ષી પ્રકાર);

ભાગ ૨: મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવારોની પસંદગી માટેની શારીરિક કસોટી;

ભાગ ૩: મુખ્ય પરીક્ષા (હેતુલક્ષી પ્રકાર-લેખિત કસોટી)

(૨) પેટા-નિયમ (૪)માં, "પરિશિષ્ટનો ભાગ ૨" એ શબ્દો અને આંકડાને બદલે, "પરિશિષ્ટ ૧નો ભાગ ૨" એ શબ્દો અને આંકડા મૂકવા;

(૩) પેટા-નિયમ (૫)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૫) બોર્ડ, પરિશિષ્ટ ૧ના ભાગ ૩માં નિર્દિષ્ટ કર્યા મુજબા મુખ્ય પરીક્ષા યોજવી જોઈશે.",

(૪) પેટા-નિયમ (૬) કમી કરવો;

(૫) પેટા-નિયમ (૭)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૭) મુખ્ય પરીક્ષા પૂર્ણ થયા પછી, બોર્ડે, માંગણી ખોટી થયેલી ખાલી જગાઓની સંખ્યા જેટલા સફળ ઉમેદવારોના નામ જાહેર કરવા જોઈશે.".

૫. સદરહુ નિયમો, નિયમ ૭માં, પરિશિષ્ટ ભાગ ૧, ૨ અને ૩માં નિર્દિષ્ટ કર્યા મુજબ"એ શબ્દો અને આંકડાને બદલે, "પરિશિષ્ટ ૧નો ભાગ ૧, ૨ અને ૩માં નિર્દિષ્ટ કર્યા મુજબ" એ શબ્દો અને આંકડા મૂકવા:-

૬. સદરહુ નિયમો, નિયમ ૮માં, “ શીર્ષક (ક) લેખિત પરીક્ષા” એ શબ્દો, કૌંસ અને અક્ષરને બદલે, “શીર્ષક લેખિત પરીક્ષા” એ શબ્દો મૂકવા.

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૧૩ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

“૧૩. મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળ થયેથી, અપાત્ર ગણવા બાબત.- શારીરિક કસોટીમાં પાત્ર થયો હોય અને મુખ્ય પરીક્ષા માટે બોલાવવામાં આવ્યો હોય પરંતુ નિર્દિષ્ટ કરેલી તારીખે અને સમયે મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળ રહ્યો હોય, તેવા ઉમેદવાર પસંદગી માટે પાત્ર થશે નહિ.”.

૮. (૧) સદરહુ નિયમોમાં, નિયમા ૧૪માં, પેટા-નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

“(૨) પરિશિષ્ટ ૨-માં નિર્દિષ્ટ કરેલી યોજના પ્રમાણે, લેખિત પરીક્ષામાં વધારાના ગુણનો ભારાંક આપવામાં આવશે.”,

(૨) વિદ્યમાન પરંતુકને બદલે, નીચેનો પરંતુક મૂકવો:-

“પરંતુ બોર્ડનો એવો અભિપ્રાય હોય કે એવા (અનામત) વર્ગો માટે અનામતા રાખેલી ખાલી જગાઓ ભરવા માટે, સમાન્ય વર્ગ માટે નક્કી કરેલા લાયકી ધોરણના આધારે શારીરિક કસોટી માટે, આ (અનામત) વર્ગોમાંથી ઉમેદવારોની પૂરતી સંખ્યા ઉપલભ્ય હોવાનું સંભવ ન હોય, તો પ્રારંભિક પરીક્ષામાં ધોરણો હળવા કરીને, અનામત વર્ગના ઉમેદવારોને, શારીરિક કસોટીમાં ઉપસ્થિત રહેવાની પરવાનગી આપી શકાશે.”.

૯. સદરહુ નિયમોમાં, વિદ્યમાન પરિશિષ્ટને, પરિશિષ્ટ ૧ તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરી નંબર અપાયેલા પરિશિષ્ટ ૧માં, ભાગ ૩ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

**“ભાગ ૩**

**મુખ્ય પરીક્ષા:**

મુખ્ય પરીક્ષા, નીચે પ્રમાણેના કુલ ૧૦૦ (એકસો) ગુણની લેખિત હેતુલક્ષી પ્રકારની રહેશે:-

લેખિત પરીક્ષા- હેતુલક્ષી પ્રકાર:

૧ કલાક: ૧૦૦ ગુણ

| **અનુક્રમાંક** | **વિષય** | **ગુણ** |
|---|---|---|
| ૧ | ગુજરાતી | ૩૫ |
| ૨ | અંગ્રેજી | ૩૦ |
| ૩ | સમાન્ય જ્ઞાન | ૩૫ |

નોંધ:- ગુજરાતી તથા અંગ્રેજીના પ્રશ્નપત્રનું ધોરણ, રાજ્યમાં યોજવામાં આવતી ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાની કક્ષાનું રહેશે.”.

૧૦. સદરહુ નિયમોમાં, પરિશિષ્ટ ૧ પછી, નીચેનું પરિશિષ્ટ ઉમેરવું:-

**“પરિશિષ્ટ ૨**

**(જુઓ નિયમ ૧૪(૨))**

**વધારાના ગુણનો ભારાંક (Weightage):**

લેખિત પરીક્ષા પછી આપવાના વધારાના ગુણનું ભારાંક (Weightage) નીચે મુજબ રહેશે:

૧. નેશનલ કેડેટ કોર્પ્સનું ‘સી’ કક્ષાનું પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવારને, વધારાના ૦૨ (બે) ગુણનો ભારાંક આપવામાં આવશે.

૨. રાષ્ટ્રીય કક્ષાની રમતનું પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવારને, વધારાના ૦૨ (બે) ગુણનો ભારાંક આપવામાં આવશે.

૩. રક્ષા શક્તિ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલી પદવી અથવા ડિપ્લોમા પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવારને, નીચે ઉલ્લેખ્યા પ્રમાણે વધારાના ગુણનો ભારાંક આપવામાં આવશે:

| અનુક્રમાંક | રક્ષા શક્તિ યુનિવર્સિટીની પદવી/ડિપ્લોમામાં મેળવેલો વર્ગ | વધારાના ગુણ |
|---|---|---|
| ૧ | ડિસ્ટિંક્શન (વિશિષ્ટ વર્ગ) | ૦૫ |
| ૨ | ફર્સ્ટ ક્લાસ (પ્રથમ વર્ગ) | ૦૪ |
| ૩ | સેકન્ડ ક્લાસ (દ્વિતીય વર્ગ) | ૦૩ |
| ૪ | પાસ ક્લાસ (ઉત્તીર્ણ વર્ગ) | ૦૨". |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**અનિલકુમાર ચૌધરી,**

સરકારના ઉપસચિવ.

----------

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ઓગસ્ટ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગ-ના તારીખઃ ૧૩મી જુલાઈ, ૨૦૨૬ના જાહેરનામા ક્રમાંક: જીજી/૭૫/૨૦૨૬/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૩/૨૯. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**NOTIFICATION**

***Under***

**The Official Secrets Act, 1923**

**સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ**

**જાહેરનામું**

**ગૃહ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જુલાઈ, ૨૦૨૬

**સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.**

**ક્રમાંક: જીજી/૭૫/૨૦૨૬/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૩/૨૯:-** ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળનો વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંકઃ ૨૧/૨૦/૬૨/પીઓએલએલ(૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ અધિનિયમના હેતુઓ માટે, અનુસૂચિમાં વર્ણવેલ ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન (GETCO)-ના ૬૬ કેવી અંતાપુર, ગામ : અંતાપુર, તાલુકો : ડોલવણ, જિલ્લો : તાપી-ને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે.

**અનુસૂચિ**

**સરવે નંબર, સ્થળોના નામ અને સ્થળની હદનું વર્ણન.**

| ઈન્સ્ટોલેશનનું નામ | સરનામું | સરવે નંબર અને વિસ્તાર | પ્રતિબંધિત વિસ્તારની હદ |
| --- | --- | --- | --- |
| ગુજરાત એનર્જી<br>ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ<br><br>૬૬ કેવી<br>અંતાપુર<br>સબ-સ્ટેશન | ગામ<br>અંતાપુર<br><br>તાલુકો<br>ડોલવણ<br><br>જિલ્લો<br>તાપી | જૂનો ૨૫૦<br>નવો ૨૪૭<br><br>કુલ વિસ્તાર<br>૪૯૦૦<br>ચોરસ મીટર<br><br>પ્રતિબંધિત વિસ્તાર<br>૪૧૯૦<br>ચોરસ મીટર | ઉત્તરે<br>બ્લોક નંબર ૨૪૯ની બાકી રહેતી ગૌચર જમીન, ત્યાર પછીની બ્લોક નંબર ૨૫૧ની ખેતીની જમીન.<br>દક્ષિણે<br>બ્લોક નંબર ૨૪૯ની બાકી રહેતી ગૌચર જમીન, ત્યાર પછીની બ્લોક નંબર ૨૪૮ની ખેતીની જમીન.<br>પૂર્વે<br>બ્લોક નંબર ૨૪૭ની બાકી રહેતી ગૌચર જમીન.<br>પશ્ચિમે<br>બ્લોક નંબર ૨૪૯ની બાકી રહેતી ગૌચર જમીન. |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**મોનિકા ભેડા,**

સરકારના ઉપસચિવ.

-----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.08.20 18:41:58 IST